ગુજરાત સમાચાર DT.10-09-2022

## ટોલ કલેક્શનની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાંય

# વડોદરા અને સુરતના છ રોડ પર સો ટકા ટોલની વસૂલાત યથાવત્

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,શુક્રવાર

બિલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફરના ટેન્ડરમાં નક્કી કરવામાં આવેલા નિયમ હેઠળ ટોલ વસૂલ કરવાની સમયમર્યાદા વીતી ચૂકી હોવા છતાંય વડોદરાથી સુરત થઈને દહીંસર સુધી જતાં વચ્ચેના છ રોડ પર બેરોકટોક સો ટકા ટોલની વસૂલાત કરવામાં આવી રહી છે. બિલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફરના કરારમાં નક્કી કરવામાં આવેલી શરત મુજબ રોડ સરકારને ટ્રાન્સફર કરી દેવામાં આવે તે પછી તેના પર માત્ર ૪૦ ટકા જ ટોલ વસૂલી શકાય છે. તેને બદલે ૧૦૦ ટકા ટોલ વસૂલાય છે. મોટા વાહનોએ એક તરફથી ટ્રીપ માટે રૂા. ૨૫૯૦ ચૂકવવા પડી રહ્યા છે. છતાંય કેન્દ્ર સરકાર ડાયમેનિક ગણાતા મંત્રી નીતિન ગડકરીના વડપણ હેઠળનું પરિવહન ખાતું આ ટોલ વસૂલી બંધ કરાવવાની વેપાર ઉદ્યોગોની માગણી પરત્વે આંખ આડા કાન કરી રહ્યું છે. આ માર્ગ પર રોજના ઓછામાં ઓછા ૧૦,૦૦૦ વાહનોની અવરજવર થાય છે.આ દ્રષ્ટિએ રોજના લાખો રૂપિયાનો વધારાનો ટેક્સ વસૂલવામાં આવી રહ્યો છે.

## બિલ્ટ-ઓપરેટ અને ટ્રાન્સફરની શરત મુજબ રોડ સરકારને ટ્રાન્સફર કર્યા પછી ૪૦ ટકા જ ટોલ વસૂલવાના નિયમનો ધરાર થઈ રહેલો અનાદર

રોડ બાંધવા માટે ખાનગી પાર્ટીએ કરેલા ઈન્વેસ્ટમેન્ટ ઉપરાંત તેમના રોકાણનું વ્યાજ અને નફો નીકળી જાય તે પછી તેમણે તે રસ્તો કેન્દ્ર સરકારને હવાલે કરી દેવાનો આવે છે. ત્યારબાદ રોડની જાળવણી માટેના ખર્ચ જેટલી જ આવક

### રોજ અંદાજે રૂા. ૭૫ લાખથી વધુ વસૂલી રહેલી કંપનીઓ

કરવાની હોય છે. આ નિયમને ઘોળીને પી જઈને આજે સો ટકા ટોલ વસૂલવામાં આવી રહ્યો હોવાની લેખિત રજૂઆત અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિયેશને કેન્દ્રના રોડ પરિવહન વિભાગને પણ કરી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાને પણ આ અંગે લેખિતમાં જાણ કરવામાં આવી છે. પરંતુ તેમના આ પ્રયાસોને તંત્ર તરફથી કોઈ જ પ્રતિભાવ આપવામાં આવ્યો નથી.

વડોદરાથી ભરૂચ સુધીનો ૮૩.૩ કિલોમીટરનો રોડ બનાવવા માટે વડોદરા હાઈવે ટોલવે લિમિટેડે રૂા. ૬૬૦ કરોડનું રોકાણ કર્યુંહતું. તેમને ૩૧મી જાન્યુઆરી ૨૦૨૨ના ૧૫ વર્ષ સુધી ટોલ વસૂલવાની છૂટ હતી. આજે તે વાતને બીજા આઠ મહિના વીતી ગયા છતાં દરેક વાહન પાસે ૬૦ ટકા વધુ ટોલ વસૂલવામાં આવી રહ્યો છે. ભરૂચથી સુરત વચ્ચેનો ૬૫ કિલોમીટરનો રસ્તો આઈડીએએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.એ રૂા. ૪૯૨ કરોડના ખર્ચે બનાવ્યો હતો. તેમને ટોલવસૂલ કરવાની છેલ્લી તીરખ ૩૦મી જૂન ૨૦૨૨ હતી. આજે પણ આ રૂટ પર નિયમ કરતાં ૬૦ ટકા વધુ ટોલ વસૂલવામાં આવી રહ્યો છે. સુરતથી દહીંસર વચ્ચેનો ૨૩૯ કિલોમીટરનો રોડ બનાવવા માટે આઈઆરબી સુરત દહીંસર ટોલવેઝ લિમિટેડે રૂા. ૨૫૩૭.૨ કરોડનો ખર્ચ કર્યો હતો. તેને ૨૫મી માર્ચ સુધી સરકારે નક્કી કરી આપેલા નિયમ પ્રમાણે ટોલ વસૂલવાની છૂટ આપવામાં આવેલી હતી. હજી આજેય ઓ રોડ પર નિર્ધારિત કરતાં ૬૦ ટકા વધુ ટોલ વસૂલવામાં આવી રહ્યો છે. આ રસ્તા પર રોજના ઓછામાં ઓછા ૧૦,૦૦૦ વાહનો પસાર થાય છે.

### મોટી ટ્રકોને વનસાઈડ ટ્રીપના ૨૫૯૦ અને રિટર્નના ૫૧૮૦નો ખર્ચ

| ટોલ પ્લાઝા | કાર-જીપ-વૅન | એલસીવી | બસ-ટ્રક | એચસીવી |
|---|---|---|---|---|
| વડોદરા-ભરૂચ | રૂ.૧૦૫ | રૂ.૧૮૦ | રૂ.૩૬૦ | રૂ.૫૮૦ |
| ભરૂચ-સુરત | રૂ.૮૦ | રૂ.૧૪૦ | રૂ.૨૮૦ | રૂ.૪૫૫ |
| બોરિયાચ | રૂ.૬૫ | રૂ.૧૧૦ | રૂ.૨૨૫ | રૂ.૩૬૦ |
| ભગવાડા | રૂ.૭૫ | રૂ. ૧૨૫ | રૂ.૨૫૫ | રૂ.૪૧૦ |
| ચારોટી | રૂ.૬૫ | રૂ.૧૧૫ | રૂ.૨૩૦ | રૂ.૩૭૫ |
| કાણેવાડી | રૂ.૭૫ | રૂ.૧૨૫ | રૂ.૨૫૫ | રૂ.૪૧૦ |
| વડોદરા-મુંબઈ કુલ | રૂ.૪૬૫ | રૂ.૭૯૫ | રૂ.૧૬૦૫ | રૂ.૨૫૯૦ |